# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૨-A તા.૦૩-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મ્યુનિ. શાળાઓમાં ધો.૫ અને ધો.૮ના વર્ગ બઢતી આપવા બાબતના તા.૨૧-૦૯-૨૦૧૯ના જાહેરનામાના અમલ બાબત

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૨૩/સી.ફા.૦૧/ક, સચિવાલય, ગાંધીનગર તા.૨૩-૦૨-૨૦૨૩

(૨) શિ.વિ.ના તા.૨૧-૦૯-૨૦૧૫નું જાહેરનામુ ક્ર : જીએચ/ એસએચ/ ૮૩/ પીઆરઈ/ ૧૨૨૦૧૯ સીંગલ ફાઈલ ૫ કે

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ અને સંદર્ભ-૨ ની જોગવાઈઓ સંદર્ભ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધો.૫ અને ધો.૮માં વિદ્યાર્થીઓને કોઈપણ બે વિષયમાં ૩૫% કરતાં ઓછું પરિણામ મેળવે તો નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૧. જે વિદ્યાર્થીએ ધો.૫ અને ધો.૮માં SCE મુજબ બનાવેલા પરિણામમાં બે થી વધુ વિષયમાં ૩૫% થી ઓછું પરિણામ મેળવે તો તે વિદ્યાર્થીને જે તે ધોરણમાં રોકવાના રહેશે.

૨. બે વિષયમાં ૩૫% થી ઓછું પરિણામ મેળવેલ વિદ્યાર્થીને પરિણામની તારીખથી બે માસ સુધી સ્પેશિયલ તાલીમ આપવાની વ્યવસ્થા જે તે વર્ગ શિક્ષક અને શાળાના મુખ્ય શિક્ષકે કરવાની રહેશે ત્યારબાદ બે માસના અંતે વિદ્યાર્થીની પુનઃ પરીક્ષા લેવાની રહેશે.

૩. બે માસ બાદ યોજેલી પુનઃ પરીક્ષામાં વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% થી ઓછા માર્કસ લાવે તો તે વિદ્યાર્થીને જે-તે ધોરણમાં રોકી રાખવાના રહેશે.

૪. કોઈપણ વિદ્યાર્થીએ ધો.૫ અને ધો.૮માં બે વિષયમાં ૩૫% થી ઓછા ગુણભાર મેળવ્યા હોય તે સિવાય અન્ય કોઈ ધોરણમાં વિદ્યાર્થીને અટકાવી શકાશે નહી

૫. પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવેલ કોઈપણ વિદ્યાર્થીને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી શાળામાંથી કાઢી મુકાશે નહીં.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૩-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ સેક્ટર-૧૨, ગાંધીનગર
આવક નં.....81.....
તારીખ.....24 FEB 2023

**પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૫ અને ૮ માં વર્ગબઢતી આપવા માટે તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામાનો અમલ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**પરિપત્ર ક્રમાંક :પીઆરઇ/૧૧૨૦૨૩/સી.ફા-૦૧/ક**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ: ૨૩/૦૨/૨૦૨૩**

**વંચાણે લીધા:**

1. શિક્ષણ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્ર.: GH/SH/83 /PRE/122019/ SingleFile-5-K.
2. શિક્ષણ વિભાગનો તારીખ ૨૪/03/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૨૦/૮૭/છ.
3. શિક્ષણ વિભાગનો તારીખ ૧૬/૦૪/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૨૧/૧૮૯૬૯૯/ક
4. શિક્ષણ વિભાગનો તારીખ ૦૭/૦૫/૨૦૨૨નો પરિપત્ર ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૨૨/સી.ફા-૭/ક
5. નિયામકશ્રી, પ્રથમિક શિક્ષણની કચેરીની તારીખ ૦૪/૦૧/૨૦૨૩ની સીંગલ ફાઇલ સિસ્ટમથી રજુ કરેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના તારીખ ૨૧/૦૯/૨૦૧૯ના સંદર્ભ-(૧) હેઠળના જાહેરનામાથી ધોરણ ૫ અને ધોરણ ૮ માં કોઇ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% કરતાં ઓછું પરિણામ મેળવે તેને વર્ગબઢતી રોકવાની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ કોવિડ-૧૯ કોરોના મહામારીના કારણે સંદર્ભ (૨) અને (૩) મુજબના ઠરાવ/પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ ૧ થી ૮માં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવેલ. અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રત્યક્ષ શિક્ષણના દિવસો ખૂબ જ ઓછા મળતાં સંદર્ભ (૪) હેઠળના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં પણ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને વર્ગ બઢતી આપવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

ઉક્ત બાબતે ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં સંદર્ભ-૧ મુજબના જાહેરનામાની જોગવાઇઓ મુજબ અમલીકરણ કરાવવા અને તે અન્વયે ધોરણ-૫ અને ધોરણ-૮ના બાળકોની વર્ગબઢતી માટેની કાર્યવાહી રાજ્યની દરેક પ્રાથમિક શાળાઓમાં અમલીકરણ કરાવવા અંગે વંચાણે લીધેલ ક્રમ-(૫) મુજબની નિયામકશ્રીની કચેરીની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :**

પ્રસ્તુત બાબતે સક્ષમકક્ષાએ પુખ્ત વિચારણાને અંતે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં આ વિભાગના સંદર્ભ-૧ ગુજબના તારીખ-૨૧/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્ર.:GH/SH/83 /PRE/122019/ SingleFile-5-K ના નિયમ-૨ હેઠળ જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને તે અન્વયે ધોરણ-૫ અને ધોરણ-૮ના બાળકોની વર્ગબઢતી આપવા અંગે નિર્ણય કરવાનો રહેશે. સદર સૂચનાનું રાજ્યની દરેક પ્રાથમિક શાળાઓમાં અમલીકરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. આર. ઠાકોર)**
**સેક્શન અધિકારી**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, (પ્રાથમિક શિક્ષણ)ની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
- શાસનાધિકારીશ્રી તમામ

(ઉપરના ત્રણ માટે) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩

Extra No. 349

©

सत्यमेव जयते

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

VOL. LX] MONDAY OCTOBER 7, 2019 / ASVINA 15, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

EDUCATION DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 21st September, 2019.

**RIGHT OF CHILDREN TO FREE AND COMPULSORY EDUCATION ACT, 2009.**

No.GH/SH/83/PRE/122019/SingleFile-5-K:- In exercise of the powers conferred by section 38 of the Right of Children to Free and Compulsory Education Act, 2009 (35 of 2009), the Government of Gujarat hereby makes the following rules further to amend the Right of Children to Free and Compulsory Education Rules, 2012, namely: -

1. (1) These rules may be called the Right of Children to Free and Compulsory Education (2nd Amendment) Rules, 2019.
   (2) They shall extend to whole of the State of Gujarat.
   (3) They shall come into force from the date of their publication in the *Official Gazette*.
2. In the Right of Children to Free and Compulsory Education Rules, 2012, in Rule 24, after clause (g), the following clauses shall be added, namely: -

"(h) There shall be an annual examination in the fifth class and in the eighth class at the end of every academic year, which shall be conducted as a part of other examinations being conducted in the school during the academic year,

(i) If a child fails in the annual examination referred to in clause (h), he shall be given additional instructions and granted opportunity for re-examination within a period of two months from the date of declaration of the result of such annual examination,

(j) If a child fails in the re-examination as specified in clause (i), the school has to detain that child in fifth class or eighth class as the case may be. If the child such detained seeks admission in another school, he should be enrolled in the same standard in which he has been detained earlier, irrespective of his age.

(k) Any child who is enrolled in primary school, shall not be held back until he completes the basic elementary education except for the provision mentioned in clause (j).

(l) No child admitted in a primary school shall be expelled from such school until he completes elementary education."

By order and in the name of the Governor of Gujarat,

V. T. MANDORA,
Joint Secretary to Government.



GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.